# આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ

વંચાણે લીધોઃ સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંકઃ
સીઆરઆર/૧૧/૨૦૧૫/૪૭૦૩૬૭/ગ.૫, તા.૩૦/૬/૨૦૧૫

કરાર આધારિત ફીકસ પગારે નિમણુંક પામેલ મહિલા કર્મચારીની પ્રસુતિની રજાના સમયગાળા બાબત...

પ્રતિ,

૧. આ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ.
૨. તમામ આચાર્ય/ડીન્સશ્રી
૩. તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ જાણ તથા અમલ થવા સારૂ.

જા.નં.આકૃયુ/રજિ/સંકલન/ ૬૨૭૯ /૨૦૧૫
તા.૨૯/૦૭/૨૦૧૫

કુલસચિવ

નકલ રવાનાઃ

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ.
૨. કુલસચિવશ્રીના અંગત મદદનીશ તરફ.
૩. આ કચેરીની તમામ શાખાઓ તરફ.

કરાર આધારિત ફીક્સ પગારે નિમણુંક પામેલ મહિલા કર્મચારીની પ્રસૂતિની રજાના સમયગાળા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ સીઆરઆર/૧૧/૨૦૧૫/૪૭૦૩૬૭/ગ.૫
સચિવાલય, ગાંધીનગર
તા.૩૦/૦૬/૨૦૧૫

વંચાણે લીધાઃ (૧) નાણા વિભાગનો તા. ૧૬/૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/ઝ૧.

(૨) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ના નિયમ ૯-A.

(૩) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૪-૬-૨૦૦૯ ઠરાવ ક્રમાંકઃસીઆરઆર/ ૧૧૨૦૦૮/૪૩૩૪૧૭/ગ.૫.

(૪) નાણાં વિભાગનો તા.૧૦-૬-૨૦૧૪નો ઠરાવ ક્રમાંક રજસ-૧૦૨૦૧૪-યુ.ઓ.-૨-પી.

ઉપર્યુક્ત વંચાણ હેઠળના ક્રમાંક (૧) સામેના સરકારશ્રીના નાણા વિભાગના તા. ૧૬-૨-૨૦૦૬ના ઠરાવથી રાજ્ય સરકારમાં વર્ગ-૩ અને વર્ગ-૪ ના તમામ સંવર્ગોમાંની જગ્યાઓ ઉપર સીધી ભરતીની નિમણુંકો ફિક્સ પગારથી કરવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જ્યારે વંચાણ હેઠળના ક્રમાંક (૨) સામેના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯-A ની જોગવાઇઓને આધિન વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગા ઉપર કરાર આધારે ફીક્સ પગારે નિમણુંક આપવામાં આવે છે. આ અંગેની કરારની શરતો અને બોલીઓ વંચાણમાં લીધેલા ક્રમાંક (૩) સામેના સામાન્ય વહીવટ વિભાગના તા. ૪-૬-૨૦૦૯ના ઠરાવથી નિયત કરવામાં આવી છે. આ શરતો અને બોલીઓ અનુસાર સીધી ભરતીથી ફિક્સ પગારે નિમણુંક મેળવનાર કર્મચારીને કરારીય સમયગાળા દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૨ પરચૂરણ રજાઓ મળવાપાત્ર છે. તેમજ વંચાણ હેઠળના

Office of the Registrar
A. A. U., ANAND.
15 JUL 2015
INWARD No. ૧૦૯૧

ક્રમાંક (૪) સામેના નાણા વિભાગના તા.૧૦-૬-૨૦૧૪ના ઠરાવથી મહિલા કર્મચારીને ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ના નિયમોની જોગવાઇ મુજબ પ્રસૂતિ રજા મળવાપાત્ર છે. આ રીતે કરાર આધારિત ફીક્સ પગારે નિમણુંક પામેલ મહિલા કર્મચારીને મળવાપાત્ર પ્રસૂતિની રજા જેટલો સમયગાળો કરારીય સમયગાળામાં ઉમેરવાનો રહે કે કેમ ? તે સંદર્ભે અત્રે માર્ગદર્શન અર્થે અનેક કેસો રજુ થતાં હોઇ નીચે મુજબની સ્પષ્ટતા બહાર પાડવામાં આવે છે.

નાણા વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ તથા સામાન્ય વહીવટ વિભાગના તા.૪/૬/૨૦૦૯ના ઠરાવોની શરતોને આધીન તથા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ-૯(એ)ની જોગવાઇ હેઠળ નિમણુંક પામેલ મહિલા કર્મચારીને નાણા વિભાગના તા.૧૦-૬-૨૦૧૪ના ઠરાવની સૂચના અને ગુજરાત મુલ્કી સેવા (રજા નિયમો) ૨૦૦૨ની જોગવાઇ મુજબ પ્રસૂતિ રજા મળવાપાત્ર થશે. કરારીય સમયગાળો પૂર્ણ કરતી વેળાએ આ પ્રસૂતિ રજા જેટલો સમયગાળો કરારીય સમયગાળામાં ઉમેરવાનો રહેશે નહીં.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(signature)

(એમ.એમ.પટેલ)
સેક્શન અધિકારી
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

**નકલ રવાના પ્રતિ,**

- + મહામહીમ રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્યસચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.